આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૪૪ | ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૩, રવિવાર; મહા સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

સ્ત્રીના બળને કોઇ જ માપી નથી શકતું તેથી જ તેને 'અબળા' કહેવાય છે
- ઉમાશંકર જોષી

# ગાંધીનગરને બેસ્ટ સીટી એવોર્ડ

## ઈન્ડીયા ટુડે બેસ્ટ સીટી એવોર્ડસમાં ગાંધીનગરને ક્રાઈમ અને સેફ્ટીની શ્રેણીનો એવોર્ડ એનાયત : શ્રેષ્ઠ ઉભરતા શહેર તરીકે વડોદરા અને આવાસ અને વાહન વ્યવહાર માટે રાજકોટને એવોર્ડ

ગાંધીનગર, તા. ૨૩

નવી દિલ્હી ખાતે યોજાયેલ ઈન્ડિયા ટુડે બેસ્ટ સીટી એવોર્ડસ-૨૦૧૩માં ગુજરાત રાજ્યના પાટનગર ગાંધીનગરને ક્રાઈમ એન્ડ સેફ્ટીની શ્રેણીમાં શ્રેષ્ઠ શહેર તરીકેનો એવોર્ડ મળ્યો છે. સુરતને પણ આ જ એવોર્ડ મળ્યો છે. તે સિવાય ઈન્ડિયા ટુડે બેસ્ટ સીટી એવોર્ડસ-૨૦૧૩માં ગુજરાતના શહેરોએ વિવિધ શ્રેણીના પાંચ એવોર્ડ મળ્યા છે.

નવી દિલ્હી ખાતે યોજાયેલ ઈન્ડિયા ટુડે બેસ્ટ સીટી એવોર્ડ્સ-૨૦૧૩માં વડોદરાની પસંદગી ઓવરઓલ બેસ્ટ ઈમર્જીંગ સીટી (શ્રેષ્ઠ ઉભરતા શહેર) તરીકે થઈ હતી. રાજકોટને આવાસ અને વાહનવ્યવહાર માટેનો તથા વડોદરાને જનસુવિધાઓ માટેનો વધુ એક એવોર્ડ મળ્યો હતો. ગુજરાતનાં શહેરી વિકાસ અગ્રસચિવ શ્રી આઈ.પી. ગૌતમે કેન્દ્રિય શહેરી વિકાસપ્રધાન શ્રી કમલનાથનાં હસ્તે આ પાંચેય એવોર્ડ ગ્રહણ કર્યા હતા.

શ્રેષ્ઠ શહેરોની પસંદગી માટે ૫૦ શહેરોનો એક સર્વે કરવામાં આવ્યો હતો, અને તેમાંથી છેવટે ૧૭ શહેરોને પસંદ કરવામાં આવ્યા હતા, જેમાંથી પાંચ શહેરો ગુજરાતનાં હતા.

આ એવોર્ડ સમારંભમાં ગુજરાતનાં નિવાસી કમિશનર શ્રી ભરત લાલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં નેતૃત્વ હેઠળ છેલ્લા દશકમાં ગુજરાતે શ્રેષ્ઠત્તમ આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરી છે. ગુજરાતનાં શહેરોમાં ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સુઆયોજનબદ્ધ વિકાસ સાધવામાં આવી રહ્યો છે. જળવ્યવસ્થાપન, આપત્તિ વ્યવસ્થાપન, આરોગ્ય, શિક્ષણ, મહિલા સશક્તિકરણ અને ઔદ્યોગિક વિકાસ સહિતનાં ક્ષેત્રોમાં નવતર પગલાઓ લેવામાં આવ્યા છે, જેનો અભ્યાસ અને અમલીકરણ દેશનાં અન્ય રાજ્યોમાં પણ કરવામાં આવ્યું છે.

હજી તાજેતરમાં જ આઈબીએન-સેવન ડાયમંડ સ્ટેટસ એવોર્ડમાં ગુજરાતને નાગરિક સલામતી માટે શ્રેષ્ઠ મોટા શહેરોનો એવોર્ડ પણ મળી ચૂક્યો છે.



સાંસ્કૃતિક થનગનાટ - ગાંધીનગરના સંસ્કૃતિ કુંજમાં દેશભરના નૃત્યકારો પોતાની આગવી કલા પીરસવા આવી પહોંચ્યા છે. બે દિવસથી આરંભાયેલ વસંતોત્સવમાં દેશના વિવિધ લોકનૃત્ય રજૂ થઈ રહ્યા છે. ગાંધીનગરના નગરજનો સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે સાથે હસ્તકલા નિહાળવા પણ સંસ્કૃતિ કુંજમાં મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. (તસવીર : દિપક જાની)

# રાષ્ટ્રીય કક્ષાએ રીસરવેની કામગીરીમાં ગાંધીનગર જીલ્લો ઝળક્યો

## રીસરવેની કામગીરીમાં ગાંધીનગર જીલ્લાની કામગીરીને કેન્દ્ર સરકારે બિરદાવી અને તેનો અભ્યાસ કરવા માટે ૧૩ રાજ્યોની ટીમો ગાંધીનગર આવી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં થયેલ રિસરવેની કામગીરી આખા દેશ માટે એક મોડેલરૂપ બની છે અને તેથી આ કામગીરીને જાણવા અને સમજવા માટે આગામી ૨૬-૨૭ એપ્રિલના રોજ ગાંધીનગર ખાતે એક રાષ્ટ્રીય સેમિનાર પણ યોજાનાર છે.

રાજ્યના મહેસુલ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આ અંગેના નિર્દેશો આપતાં જણાવ્યું છે કે આ સેમિનાર માટે ભારત સરકારે જ રાજ્ય સરકારને એક પત્ર લખી આયોજન કરવાની કાર્યવાહીમાં આગળ વધવા જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ભારત સરકારે ચાલુ ફેબ્રુઆરી માસ દરમ્યાન જ આ અંગેનો પત્ર પાઠવ્યો છે અને આ સેમિનારમાં દરેક રાજ્યના મહેસુલ વિભાગના સચિવો તેમજ ઉચ્ચ અધિકારીઓ હાજરી આપનાર છે.

શ્રીમતિ પટેલે આ નિર્દેશ આપતાં એમ પણ જણાવ્યું હતું કે આમ તો નિયમોની જોગવાઈ મુજબ દર ત્રીસ વર્ષે રીસરવેની કામગીરી થવી જોઈએ પરંતુ પાછલા સો વર્ષથી રિસર્વેની કામગીરી આખા દેશમાં થઈ નથી.

ગુજરાત પહેલુ એવુ રાજ્ય છે કે જેણે રિસરવેની કામગીરીની શરૂઆત કરી છે. ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલી રિસરવેની કામગીરીનો અભ્યાસ કરવા માટે આખા દેશમાંથી ૧૩ રાજ્યોની ટીમો અને બે વર્લ્ડ બેંકની ટીમો આવી ચુકી છે.

હવે આખા દેશમાં મોડલરૂપ બની રહેલી આ કામગીરીના અભ્યાસ માટે દેશના તમામ રાજ્યોના મહેસુલ તંત્રના ટોચના અધિકારીઓ આવી રહ્યા છે.

બે દિવસ ચાલનારા આ વર્કશોપમાં રીસરવેની કામગીરીનો અનુભવ અને તેના પરિણામો અંગે આમાં ચર્ચાઓ થશે અને તેના પછી દરેક રાજ્ય રિસરવે માટેની કામગીરી હાથ ધરશે.

ગુજરાત વિધાનસભામાં પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન શ્રીમતિ આનંદીબેન પટેલે આ નિર્દેશ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે રિસરવેની કામગીરી હાલ આઉટ સોર્સીંગ દ્વારા થઈ રહી છે અને જિલ્લા તંત્ર પણ આમાં પુરેપુરો સહયોગ આપી રહેલ છે.

આ રિસરવેને કારણે નવુ અદ્યતન રેકર્ડ ઉપલબ્ધ થતાં જિલ્લાની સીમા અને ગામની સીમાઓ પણ નવી બનશે. મહેસુલ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ રિસરવેને લઈ ઘણા બધા મહત્વના પરિણામો પણ જાણવા મળેલ છે.

## આજે જિલ્લામાં પલ્સ પોલીયો અને મતદાર યાદી સુધારણાની ખાસ ઝુંબેશ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આજે બે મહત્વની ઝુંબેશ જિલ્લા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવનાર છે. આજે પલ્સ પોલિયો અભિયાનનો બીજો રાઉન્ડ તથા મતદાર યાદી સુધારણાની ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે.

પલ્સ પોલિયો અભિયાનના બીજા રાઉન્ડ માટે પણ આરોગ્ય તંત્ર દ્વારા ૮૦૦થી વધુ બુથ ઉભા કરવામાં આવશે. જ્યારે ૪૫ જેટલી મોબાઈલ ટીમો પણ અંતરિયાળ વિસ્તારોમાં જઈ પલ્સ પોલિયોના બે ટીપાં બાળકોને આપશે.

મતદાર યાદી સુધારણા ઝુંબેશ અભિયાન અંતર્ગત આજે બીજા

● અનુસંધાન પાન-૭ પર

**જોઈએ છે**
ટેલી ફેકલ્ટી-૨, મેલ/ફીમેલ
સેક્ટર-૨૧, ગાંધીનગર
સંપર્ક
૯૮૯૮૪૨૫૭૪૭
૯૮૯૮૬૧૬૯૨૮

**શિવશક્તિ ફિલ્મ પ્રોડક્શન**
ટૂંક સમયમાં શરૂ કરે છે. ગુજરાતી-હિન્દી ફિલ્મ, સિરિયલ, આલ્બમમાં રસ ધરાવતા યુવક/યુવતીઓ, નાના બાળકો માટે પદ્ધતિસરની તાલીમ (એક્ટીંગ, ડાન્સ અને રાસ-ગરબા) મેળવવા મળો.
નોંધ : રીસેપ્શનીસ્ટ જોઈએ છે. (લેડીઝ)
અભ્યાસ : ૧૦, ૧૨, ગ્રેજ્યુએટ - અનુભવી/બિનઅનુભવી
**માગર ઈન્સ્ટીટ્યુટ ઓફ આર્ટસ**
શિવમ કોમ્પલેક્ષ, પ્રથમ માળ, સાદરા રોડ, ચિલોડા ચાર રસ્તા, ગાંધીનગર
મો. : ૮૮૬૬૭૬૪૫૧૫, ૮૩૪૭૫૮૭૫૫૦ ● સમય ૧૨ થી ૫




**શ્રી પદ્મીની ગણેશયંત્ર માલાપીઠ**
● દરેક પ્રકારના મુંઝવતા પ્રશ્નોનું ક્રિસ્ટલ દ્વારા સંતોષકારક માર્ગદર્શન
● તમારા જીવનને સંબંધિત સમસ્યાઓનું અરેબિયન એસ્ટ્રોલીજ દ્વારા કાયમી સંતોષકારક સમાધાન
● પરીક્ષામાં ઉત્તમ પરિણામ મેળવવા માટે જૈન પદ્ધતિ દ્વારા બનાવેલ
કાયમી સંતોષકારક સમાધાન
સંપર્ક : જ્યોતિષ દીદી
ફોન : ૮૮૬૬૫૬૩૧૨૬
બ્લોક નં. ૧૦૨/૨, 'ચ' ટાઈપ, સેક્ટર-૨૧, ગાંધીનગર

જીવનને આપો મોકળાશ અને સાથે મનગમતી હળવાશ



૧૦૮ થી ૧૪૨ વારના બે બેડરૂમ તથા ૧૬૫ થી ૧૮૦ વારના ત્રણ બેડરૂમના લક્ઝુરીઅસ એપાર્ટમેન્ટ્સ
(સેમ્પલ હાઉસ તૈયાર)



**શાલ્વિક શુકન**
ચન્દ્રલોકની સામે, કિર્તીધામની બાજુમાં, વાવોલ-ઉવારસદ રોડ, વાવોલ, ગાંધીનગર.
Developers : Aakar Infrastructure
Shalvik Shukan